
જૂન
૨૦૧૮
Most IMP
Current Affairs
www.crackgpsc.com
Crack GPSC

# જૂન ૨૦૧૮


ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર
ડાઉનલોડ કરો
Crack GPSC મોબાઈલ એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
જેમાં આપને મળશે :
ગુજરાતની એક્સપર્ટ ફેકલ્ટીઝ દ્વારા તૈયાર કરાયેલ વિડિયોઝ
ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ
10000+ MOST IMP પ્રશ્નોની ઓનલાઈન ટેસ્ટ
ડેઈલી અને મન્થલી કરન્ટ અફેર્સ, કરન્ટ શતક
ડેઈલી ટેસ્ટ, પ્રેક્ટિસ કરન્ટ અફેર્સ, લેટેસ્ટ પદાધિકારીઓ
આ બધું જ આપતી ગુજરાતની એક માત્ર એપ
એક એપ
બધી પરીક્ષાઓ
આ એપ ડાઉનલોડ કર્યા વિના...
GPSC ની તૈયારી અધૂરી
ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા,
મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા,
રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.
સ્કૂલ, કોલેજના અભ્યાસ કે જોબ સાથે ઘરે બેઠાં
UPSC/GPSC/કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો
આપના મોબાઈલ કે ટેબ્લેટ પરથી, આપની અનુકૂળતાએ...
Crack GPSC easily with...
crackgpsc.com
Google play
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી.

# Most Imp Current Affairs – June 2018

- ભાજપના કવિન્દ્ર ગુપ્તાએ જમ્મુ કાશ્મીરના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- 1 મે: ગુજરાત સ્થાપના દિવસ. ગુજરાત ગૌરવ દિવસ. રાજ્ય કક્ષાની ઉજવણી ભરૂચમાં.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ 58મા ગુજરાત ગૌરવ દિવસે અંકલેશ્વરના કોસમડી તળાવથી રાજ્યવ્યાપી સુજલામ સુફલામ જળ અભિયાનનો શુભારંભ કરાવ્યો.
- ઇન્ડિગોના હેડ આદિત્ય ઘોષે રાજીનામું આપ્યું.
- બેંગકોકમાં એશિયન યુથ ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા મુક્કેબાજોએ ત્રણ સુવર્ણ ચંદ્રક જીત્યા.
- રાફેલ નડાલે 11મી વખત બાર્સેલોના ઓપન ખિતાબ જીત્યો.
- 1 મે : આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ. આ દિવસ મનાવવાની શરૂઆત 1 મે 1886થી થઈ, જ્યારે અમેરિકાનાં મજૂર યુનિયનોએ કામનો સમય 8 કલાકથી વધુ ન રાખવા માટે હડતાળ કરી હતી. ભારતમાં સૌપ્રથમ વાર ચેન્નઈમાં 1 મે, 1923ના મનાવવામાં આવ્યો હતો. આની શરૂઆત ભારતી મજૂર કિસાન પાર્ટીના નેતા કામરેડ સિંગરાવેલુ ચેટયારે કરી હતી. શીખ સમુદાયમાં 1 મેને ભાઈ લાલો દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે.
- 1 મે: વિશ્વ અસ્થમા દિવસ. દર વર્ષે મે માસના પ્રથમ મંગળવારે મનાવાય છે. વિષય - 'નેવર ટુ અર્લી, નેવર ટુ લેટ.
- સિતાંશુ યશશ્ચંદ્રની કાવ્યકૃતિ 'વખાર'ને સરસ્વતી સન્માન. આ સન્માન કે કે બિરલા ફાઉન્ડેશન દ્વારા અપાય છે. આમાં 15 લાખ રૂપિયા આપવામાં આવે છે.
- દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે મુકાયું વોટર ATM, 1 રૂપિયામાં 1 લીટર ઠંડુ પાણી.
- ભારતે શ્રીલંકામાં વેસાક માટે બૌદ્ધ અવશેષ મોકલવાની મંજૂરી આપી.
- પશ્ચિમ બંગાળના પૂર્વ CM જ્યોતિ બાસુનો રેકોર્ડ તોડી સિક્કિમના CM પવન ચામલિંગે સૌથી વધુ સમય સુધી મુખ્યપ્રધાન પદે ચાલુ રહેવાનો વિક્રમ બનાવ્યો. સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ (એસડીએફ)ના સ્થાપક પ્રમુખ ચામલિંગે મુખ્યપ્રધાન તરીકે ૨૩ વર્ષ, ચાર મહિના અને ૧૭ દિવસ પૂર્ણ કર્યા છે.
- ઉદય કોટક ફરી કોટક મહિન્દ્રા બેન્કના MD અને CEO બન્યા.
- પાકિસ્તાની મૂળના સાંસદ સાજીદ જાવેદ બ્રિટનના નવા ગૃહ મંત્રી.
- રિઝલ્ટ અને પરીક્ષા સંબંધી જાણકારીઓ માટે ગૂગલ અને સીબીએસઇ વચ્ચે કરાર.

- હરિયાણાના કરનાલ જિલ્લાથી ગોવર્ધન યોજનાની શરૂઆત. આ યોજના છાણ અને વેસ્ટનું મેનેજમેન્ટ કરવા અને તેને ખાતર, બાયોગેસ અને જૈવ સીએનજીમાં બદલવા પર કેન્દ્રિત હશે.
- 15મો પ્રવાસી ભારતીય દિવસ વારાણસીમાં યોજાશે. વિષય : 'Role of Indian Diaspora in Building new India.'
- ICC રેન્કિંગ: વન-ડેમાં ઈંગ્લેન્ડ પ્રથમ, ભારત બીજા ક્રમે. ટેસ્ટમાં ભારત, T-20માં પાકિસ્તાન પ્રથમ ક્રમે.
- વિશ્વના સહિષ્ણુ દેશોની યાદીમાં ભારત ચોથા ક્રમે. પ્રથમ ક્રમે કેનેડા.
- વિશ્વનાં 20 સૌથી પ્રદૂષિત શહેરોની સૂચિમાં 14 ભારતીય શહેર સામેલ. 4300 શહેરોમાં કાનપુર સૌથી પ્રદૂષિત.
- લુઈસ હેમિલ્ટને અજરબૈજાન ગ્રેન્ડ પ્રિક્સ 2018 જીતી.
- નાઈજીરીયાના મુબી શહેરમાં બે આત્મઘાતી હુમલામાં 27નાં મોત.
- 9મી ભારત-જાપાન વાર્તા નવી દિલ્લીમાં આયોજિત થઈ.
- 3 મે : વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ. વિષય - 'Keeping Power in check : Media, Justice and Rule of Law.' 2018માં યુનેસ્કો વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના 25મા ઉત્સવનું નેતૃત્વ કરશે. મુખ્ય સમારોહ અકરા (ઘાના)માં યોજાશે.
- રાજસ્થાનના સુરતગઢ પાસે ભારતીય સેનાનો અભ્યાસ 'વિજય પ્રહાર' શરૂ.
- જહોનિસબર્ગમાં ભારત-દક્ષિણ આફ્રિકા વેપાર શિખર સંમેલન યોજાયું.
- ગુવાહાટીમાં વાઈબ્રન્ટ નોર્થ ઈસ્ટ 2018 શરૂ.
- નવી ટેલિકોમ નીતિ: 2022 સુધી 40 લાખ નવા રોજગારનું લક્ષ્ય, 100 બિલિયન ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ, બધી ગ્રામ પંચાયતોને 2020 સુધી 1 GBPS અને 2022 સુધી 10 GBPS બ્રોડબેન્ડ.
- ISSF જુનીયર વર્લ્ડ કપમાં મુસ્કાન ભનવાલાએ મહિલાઓની 25 મીટર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણ પદક જીત્યો.
- નાસા પોતાના આગામી મિશન GRACE – FO (ગ્રેવીટી રિકવરી એન્ડ ક્લાઈમેટ એક્સપરીમેન્ટ ફોલો ઓન) દ્વારા પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં ભિન્નતાને શોધીને દુનિયામાં પાણી અને બરફમાં થતાં પરિવર્તનો નોટ કરશે.
- હૈદરાબાદ પોલીસે શરૂ કરી ઈ-ઓફિસ પ્રણાલી.
- ટેલિકોમ કમિશને ભારતીય ક્ષેત્રમાં વિમાનોમાં કનેક્ટિવિટીની મંજૂરી આપી.
- ગાયિકા આશા ભોસલે 26મા પી. સી. ચંદ્ર પુરસ્કારથી સન્માનિત.
- ડોમિનિકલ ગણરાજ્યે તાઈવાન સાથે સંબંધ તોડી ચીન સાથે સંબંધ સ્થાપિત કર્યા.
- સિતાંશુ રંજન કરે પ્રેસ રચના બ્યુરોના ડિરેક્ટર જનરલ તરીકે કાર્યભાર સંભાળ્યો.

crackgpsc.com

- હરેન્દ્રસિંહ ભારતીય પુરુષ હોકી ટીમના કોચ નિયુક્ત.
- જસ્ટિન લેંગર ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના મુખ્ય કોચ નિયુક્ત.
- અસિત કુમાર જને GAIL Gas Ltd.ના CEO તરીકે કાર્યભાર સંભાળ્યો.
- ડેટાલિક કૌભાંડ બાદ કેમ્બ્રિજ એનાલિટિકાએ કામકાજ સમેટ્યું.
- કચ્છનું ગાંધીધામ દેશનું ત્રીજા ક્રમનું સૌથી સુંદર રેલવે સ્ટેશન.
- સુભાષચંદ્ર ખુંટીયા IRDAI (Insurance Regulatory Development Authority of India)ના ચેરમેન નિયુક્ત.
- ફિલ્મ નિર્દેશક શેખર કપૂર 65મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની કેન્દ્રીય સમિતિના પ્રમુખ નિયુક્ત.
- દેશમાં 20 એઈમ્સની રચનાને મંજૂરી.
- 2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવા 'હરિત ક્રાંતિ કૃષિ ઉન્નતિ યોજના' અમલમાં મૂકાશે.
- ઉત્તરપ્રદેશ, રાજસ્થાનમાં ભયાનક આંધી.
- નેશનલ ફિલ્મ એવોર્ડ :
    - ✓ બેસ્ટ હિન્દી ફિલ્મ - ન્યૂટન,
    - ✓ બેસ્ટ પોપ્યુલર ફિલ્મ - બાહુબલી ધ કન્ક્લુઝન,
    - ✓ બેસ્ટ એક્ટર - રિદ્ધિ સેન,
    - ✓ બેસ્ટ એક્ટ્રેસ - શ્રીદેવી (મોમ),
    - ✓ દાદાસાહેબ ફાળકે એવોર્ડ : વિનોદ ખન્ના.
- કિદંબી શ્રીકાંત બન્યા આંધ્રપ્રદેશમાં ડેપ્યુટી કલેક્ટર.
- વિશ્વના ટોપ 5 રક્ષા ખર્ચ કરતા દેશોમાં ભારત 5મા ક્રમે. પ્રથમ ક્રમે અમેરિકા.
- રવિન્દ્રનાથ ટાગોરની 157મી જન્મજયંતિ મનાવવા મિસ્રમાં સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન.
- અમેરિકાની યુનિવર્સિટીઓમાં ચીન બાદ સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારતના.
- 6 મે: વિશ્વ હાસ્ય દિવસ. 1998થી મે મહિનાના પહેલા રવિવારે મનાવવામાં આવે છે. પહેલી વાર 10 મે 1998માં મુંબઈમાં મનાવવામાં આવ્યો હતો. વિશ્વમાં હાસ્ય યોગ આંદોલનના સ્થાપક ડો. મદન કટારિયા છે.
- આઇટી ફર્મ કોગ્નિજેન્ટે બેલ્જિયમ સ્થિત હેડેરા કન્સલ્ટિંગનું અધિગ્રહણ કર્યું.
- મનીલામાં નેપાળના નાણાં મંત્રી યુબારાજ ખાતીવાડાના અધ્યક્ષ સ્થાને સાર્ક નાણાં મંત્રીઓની 12મી અનૌપચારિક બેઠક યોજાઈ.
- મહારાષ્ટ્ર ડિજીટલ સિગ્નેચરવાળા 7/12 આપનારું પ્રથમ રાજ્ય બન્યું.
- નીરજ ગોયત WBC એશિયન બોક્સર ઓફ ધ એવોર્ડથી સન્માનિત.
- એટી કિયરની FDI કોન્ફિડન્સ ઈન્ડેક્ષ 2018માં ભારત 11મા સ્થાને, અમેરિકા પ્રથમ.
- 85% વસ્તી સુધી વીજળીની પહોંચ સાથે વિદ્યુતીકરણમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન: WHO

- સચિન અને બંની બંસલ દ્વારા સ્થાપિત ફ્લિપકાર્ટને વોલમાર્ટ 1 લાખ કરોડમાં ખરીદશે.
- મહિલાઓ માટે આરક્ષિત ડબ્બો હશે ગુલાબી રંગનો અને ટ્રેનની વચ્ચે લાગશે: રેલવે.
- ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ દક્ષિણ અમેરિકાના ગ્વાટેમાલા, પેરુ અને પનામાની 5 દિવસની યાત્રા પર.
- વેલસ્પન કોર્પ લિ. પર ટેક્સ નહિ ચૂકવવા બદલ ગુજરાત સરકારે મોકલી રૂ. 179 કરોડની ટેક્સ નોટિસ.
- ઉત્તર કોરિયાએ અડધો કલાક ઘડિયાળ આગળ કરી ટાઈમઝોન દક્ષિણ કોરિયાના સમય અનુરૂપ કર્યો.






- એમ. ટી. વાસુદેવન નાયરને મળ્યો ONV સાહિત્યિક પુરસ્કાર.
- RBI ઓપન માર્કેટ ઓપરેશન (OMO) ના માધ્યમથી 10000 કરોડ રૂ.ના બોન્ડ ખરીદશે.
- જામનગરમાં CMના હસ્તે લાખોટા કોઠા મ્યુઝિયમનું લોકાર્પણ.

- હિમાચલપ્રદેશમાં શરૂ થયો સ્ટાર ખેલ મહાકુંભ.
- બ્રિટનને પાછળ છોડી કેલિફોર્નિયા વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની.
- ગુગલ આંધ્રપ્રદેશમાં 25000 વાઈફાઈ હોટસ્પોટ સ્થાપશે.
- કેન્દ્ર સરકારે ખાનગી અફીણની ખેતીને અનુમતિ આપી.
- નવી દિલ્હી કરશે ભારત મહોત્સવની મેજબાની.
- પતંજલિ ભારતની સૌથી ભરોંસાપાત્ર FMCG બ્રાન્ડ: TRAની બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટ 2018.
- મલ્ટી સેકટરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું નામ બદલીને પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ કરાયું.
- 8 મે: વિશ્વ રેડક્રોસ દિવસ. રેડક્રોસ અને ICRC (International Committee of the Red Cross)ના સ્થાપક હેનરી ડુનેટની જયંતીનું પ્રતીક છે. પ્રથમ વાર 1948માં મનાવવામાં આવ્યો હતો.
- પ્રવાસી ભારતીય દિવસ હવે થશે દ્વિવાર્ષિક.
- ભારતના રમિત ટંડને અબુ ધાબી ઓપન સ્ક્વેશ ખિતાબ જીત્યો.
- વ્લાદિમીર પુતિને ચોથી વાર રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.
- ત્રીજી સાઉથ એશિયન જુનીયર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં 20 ગોલ્ડ, 22 સિલ્વર, 8 બ્રોન્ઝ મેડલ સાથે ભારત પ્રથમ ક્રમે. 18મી ચેમ્પિયનશીપ જાપાનના ગિફૂ (GIFU)માં થશે.
- 2018માં 7.3%ના દરથી વિકાસ કરશે ભારત: ADB
- ઈસરોએ વિકસિત કરી દેશી પરમાણુ ઘડિયાળ. નેવિગેશન ઉપગ્રહોમાં સચોટ સ્થાનની જાણકારી માટે થશે ઉપયોગ.
- IOC બાદ HPCL એ પણ 'HP ફ્યુલ કનેક્ટ' નામે શરૂ કરી ડીઝલની હોમ ડિલિવરી.
- SCO (Shanghai Co-operation Organization)ના સેક્રેટરી જનરલ રશીદ અલીમોવ ભારત પહોંચ્યા.
- અમેરિકા અને ફિલિપાઈન્સ વચ્ચે 'બાલિકાતાન' સૈન્ય અભ્યાસ શરૂ.
- માલ્યા પાસેથી રૂ. 10,000 કરોડ વસૂલવા બ્રિટિશ કોર્ટની મંજૂરી.
- નાસાએ મંગળના આંતરિક ભાગના અધ્યયન માટે ઈનસાઈટ અંતરિક્ષ યાન લોન્ચ કર્યું.
- ઈરાન પરમાણું સમજૂતીથી અમેરિકા થયું બહાર. આ સમજૂતી ઈરાન અને સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યો (યુએસ, યુકે, ફ્રાન્સ, ચીન, રશિયા) અને જર્મની વચ્ચે થઈ હતી.
- કેબિનેટ સચિવ પ્રદીપકુમાર સિંહાને મળ્યું 1 વર્ષનું એક્સ્ટેન્શન.
- બાંગ્લાદેશે ભારતને બનાવ્યું OIC (Organisation of Islamic Cooperation) પર્યવેક્ષક. OIC મુસ્લિમ બહુમતીવાળા 57 રાષ્ટ્રોનો સમૂહ છે.
- નિશા ભલ્લા WEF (WOMEN ECONOMIC FORUM) દ્વારા એક્સેલન્સ વુમન ઓફ એક્સેલન્સ પુરસ્કારથી સન્માનિત.

- ફોર્બ્સની વિશ્વના 10 સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં મોદી 9મા ક્રમે. ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગ પ્રથમ ક્રમે.
- સ્માર્ટ શહેરોના CEOનું પ્રથમ સર્વોચ્ચ સંમેલન ભોપાલમાં યોજાયું.
- રાજ્યસભામાં કાર્ય આચરણની સમીક્ષા માટે ડૉ. વી. કે. અગ્નિહોત્રીની અધ્યક્ષતામાં 2 સદસ્યી સમિતિની રચના.
- દિમિત્રી મેદવેદેવ બન્યા રશિયાના વડાપ્રધાન. રશિયાના બંધારણ મુજબ નવા રાષ્ટ્રપતિનો કાર્યકાળ શરૂ થવા પર વડાપ્રધાન રાજીનામું આપવા બાધિત છે.
- બિઝનેસ ઓપ્ટીમાઈઝ ઈન્ડેક્ષમાં ભારત છઠ્ઠા ક્રમે. પ્રથમ ક્રમે ઓસ્ટ્રિયા.
- અકસ્માત થયાના પ્રથમ 48 કલાકમાં કોઈ પણ જાતની આવકને ધ્યાને લીધા વિના ખાનગી કે સરકારી હોસ્પિટલનો 50000 સુધીનો ખર્ચ ગુજરાત સરકાર ભોગવશે.
    - ✓ લાભ રાજ્યના તમામ લોકોને અપાશે.
    - ✓ ખાનગી હોસ્પિટલ્સે કરેલી સારવારના ખર્ચનું બિલ સંબંધિત જિલ્લાના મુખ્ય તબીબી અધિકારી કે તબીબી અધિક્ષકને રજૂ કરવાનું રહેશે.
    - ✓ તેમજ ખાનગી હોસ્પિટલને બિલની ખરેખર રકમ અથવા 50 હજાર રૂપિયા બન્નેમાંથી જે ઓછી રકમ હશે તે મળવા પાત્ર થશે.
    - ✓ આ માટે રાજ્ય સરકારે 2018-2019માં 30 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.
- નાસા અને ઉબેરે ઊડતી ટેક્સી બનાવવા સમજૂતી કરી.
- સુષ્મા સ્વરાજ મ્યાનમારની બે દિવસીય યાત્રાએ.
- પત્રકાર કોલોર્સ અલ્વારાડો બન્યા કોસ્ટારિકાના સૌથી નાની ઉંમરના રાષ્ટ્રપતિ.
- વિશ્વ રોબોટ સંમેલનનું આયોજન બેઇજીંગમાં થશે.
- એશિયા પેસેફિક પાવર ઈન્ડેક્ષમાં ભારત ચોથા ક્રમે. અમેરિકા પ્રથમ ક્રમે.
- નિકોલ પશિન્યાં બન્યા આર્મેનિયાના વડાપ્રધાન.
- ચીને લોન્ચ કર્યો 'APSTAR -6C' કોમ્યુનિકેશન સેટેલાઈટ. એશિયા-પેસિફિકના ગ્રાહકોને ટીવી, કોમ્યુનિકેશન ઈન્ટરનેટ સેવા પ્રદાન કરશે.
- 11 મેના ગુગલ ડુડલે શાસ્ત્રીય નર્તકી મૃણાલિની સારાભાઈની 100મી જયંતી ઉજવી.
- 11 મે: નેશનલ ટેકનોલોજી ડે. 2018નો વિષય : 'Science and Technology for a Sustainable Future'.
- વડાપ્રધાન મોદી નેપાળની બે દિવસીય યાત્રાએ.
- ફેસબુકે વ્હોટસએપ માટે ક્રીસ ડેનિયલને પ્રોડક્ટ એક્ઝીક્યુટીવ નિયુક્ત કર્યા.
- ઈઝરાયેલે ઈરાન વિરુદ્ધ શરૂ કર્યા હવાઈ હુમલા.

- સરકારે પાણીનો ડેટા રાખવા માટે NWIC (National Water Informatics Centre)ની સ્થાપના કરી.
- કેન્દ્ર દ્વારા હિંસા પ્રભાવિત મહિલાઓ માટે 100 'વન સ્ટોપ સેન્ટર'ની સ્થાપનાને મંજૂરી.
- નીતિ આયોગ અને ગૂગલે દેશમાં કૃત્રિમ બુદ્ધિમતા વધારવાના આશયપત્ર પર હસ્તાક્ષર કર્યા.
- ગૂગલે ભારતના ક્લાઉડ બિઝનેસના પ્રમુખ તરીકે નિતિન બાનનકુલેને નિયુક્ત કર્યા.
- ચીનમાં દુનિયાનો સૌથી લાંબો 55 કિ.મી. લાંબો હોંગકોંગ-જુહેઇ-મકાઉ બ્રિજ શરૂ. આના નિર્માણમાં 420000 ટન સ્ટીલની ઉપયોગ થયો છે.
- નિર્મલસિંહ જમ્મુ કાશ્મીર વિધાનસભાના અધ્યક્ષ ચૂંટાયા.
- ભારતની સ્વચ્છ ઊર્જા ક્ષમતા 70 ગીગાવોટ પહોંચી.
- વાયુ પ્રદુષણના મોનીટરીંગ માટે ચીને ગોફેન 5 ઉપગ્રહ લોન્ચ કર્યો.
- ગુજરાત-પોલેન્ડે સ્વતંત્રતા શતાબ્દી યોજવાની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સિયાચીન બેસ શિબિરની મુલાકાત લેનાર બીજા રાષ્ટ્રપતિ બન્યા. પ્રથમ અબ્દુલ કલામ.
- મલેશિયામાં 92 વર્ષના મહાતીર મોહમ્મદ બન્યા વિશ્વના સૌથી મોટી ઉમરના વડાપ્રધાન.
- મહારાષ્ટ્ર ATSના પૂર્વ ચીફ હિમાંશુ રોયે બિમારીથી કંટાળીને આત્મહત્યા કરી.
- 12 મે: આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ, આધુનિક નર્સિંગના સ્થાપક ફ્લોરેન્સ નાઈટેંગલની જયંતી.
- 15મું એશિયા મીડિયા શિખર સંમેલન નવી દિલ્હીમાં યોજાયું.
- પેરિસ સમજૂતીની પ્રતિબદ્ધતાઓની સમીક્ષા કરવા જળવાયુ શિખર સંમેલન સપ્ટેમ્બર 2019માં ન્યુયોર્કમાં થશે.
- અલીબાબાએ પાકિસ્તાની ઇ-કોમર્સ ફર્મ દરાજ ખરીદી.
- 15મા નાણા પંચને સલાહ આપવા અરવિંદ વિરમાનીના અધ્યક્ષ સ્થાને કમિટીનું ગઠન. 15મા નાણા પંચના અધ્યક્ષ એન. કે. સિંહ છે.
- SCOના પર્યટન મંત્રીઓની પ્રથમ બેઠક વુહાન (ચીન)માં યોજાઈ.
- ભારત, મ્યાનમાર વચ્ચે 7 સમજૂતી પર હસ્તાક્ષર.
- મોદી અને નેપાળી PM કે. પી. શર્મા ઓલીએ જનકપુર-અયોધ્યા વચ્ચે બસ સેવાનું ઉદઘાટન કર્યું.
- મુક્તિનાથ મંદિરમાં પૂજા કરનારા પ્રથમ વૈશ્વિક નેતા બન્યા મોદી.
- નોબલ પુરસ્કાર વિજેતા, ગ્રામીણ બેંકના સ્થાપક પ્રો. મોહમ્મદ યુનુસને KISS માનવતાવાદી પુરસ્કાર 2018.
- કાળા નાણાની વસુલાત પર નજર રાખવા મુરલી મનોહર જોશીની અધ્યક્ષતામાં પેનલની રચના.

crackgpsc.com

- સ્પેસએક્સે પોતાના નવા અને સૌથી શક્તિશાળી બ્લોક-5 નામથી ઓળખાતા ફાલ્કન-9 રોકેટનું પ્રક્ષેપણ કર્યું. જે પોતાની સાથે બાંગ્લાદેશનો કોમ્યુનિકેશન સેટેલાઈટ લઇ ગયું. આ સેટેલાઈટ બાંગ્લાદેશના ગ્રામીણ ક્ષેત્રોમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- 2018-19માં SBM (સ્વચ્છ ભારત મિશન) માટે 16,500 કરોડ રૂપિયાની ફાળવણી નિર્ધારિત.
- પેટ્રા ક્વિટોવા ત્રણ વખત મેડ્રીડ ઓપન જીતનાર પ્રથમ મહિલા બની.
- સંયુક્ત રાષ્ટ્રના ટોપ ન્યુક્લિયર ઇન્સ્પેક્ટર ટેરો વારજોરાંટાએ રાજીનામું આપ્યું.
- નેપાળ બિમ્સટેક-2018નું આયોજન કરશે. (બિમ્સટેક: બાંગ્લાદેશ, ઇન્ડિયા, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, ભૂતાન, નેપાળ)
- લુઇસ હેમિલ્ટને સ્પેનિશ ગ્રાન્ડ પ્રિક્સ જીતી.
- પ્રસિદ્ધ હિન્દી ફિલ્મ ગીતકાર નંદરામદાસ બૈરાગી (બાલકવિ બૈરાગી)નું નિધન.
- છતીસગઢ પોલીસ ટ્રાન્સજેન્ડરોની ભરતી કરનાર પ્રથમ રાજ્ય. ઉલ્લેખનીય છે કે ટ્રાન્સજેન્ડર પોલીસ ઓફિસરની નિયુક્તિ કરનારું પ્રથમ રાજ્ય તમિલનાડુ છે.
- ગાયક મોહિત ચૌહાણ સિક્કિમના ગ્રીન એમ્બેસેડર નિયુક્ત.
- IMD દેશમાં 30 ડોપ્લર રડાર બનાવશે. ડોપ્લર રડાર તોફાન, વરસાદ, હવાના સ્વરૂપની સચોટ જાણકારી આપે છે. 250 kmની ત્રિજ્યામાં ગંભીર મોસમી ઘટનાઓની 2-3 કલાક પહેલાં ચેતવણીમાં મદદરૂપ છે. ઈ.સ. 2002માં ચેન્નઈમાં પ્રથમ ડોપ્લર રડાર સ્થાપિત કરવામાં આવ્યું હતું.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by...
એમ. કે. સર
87340 98198

- SAWEN (South Asia Wildlife Enforcement Network)ની પ્રથમ બેઠક ભારતમાં યોજાઈ.
- પ્રસિદ્ધ ભૌતિક વૈજ્ઞાનિક ઇ. સી. જોર્જ સુદર્શનનું નિધન.
- લેફ્ટનન્ટ જનરલ સુખદીપ સાંગવાને અસમ રાઈફલ્સના DGનું પદ સંભાળ્યું. તેમણે ઓપરેશન બ્લૂ સ્ટાર, ઓપરેશન વિજય, ઓપરેશન પરાક્રમમાં ભાગ લીધો હતો.
- PNB છેતરપિંડી મામલે ઇલાહાબાદ બેંકનાં CEO ઉષા અનંત સુબ્રમણ્યમને હટાવવા કાર્યવાહી શરૂ.
- હીના સિધુએ જર્મનીના હનોવરમાં આંતરરાષ્ટ્રીય શૂટિંગ પ્રતિયોગિતામાં ૧૦ મીટર એર પિસ્તોલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- સ્મૃતિ ઈરાનીની જગ્યાએ રાજ્યવર્ધન રાઠોડને સૂચના અને પ્રસારણ મંત્રાલયનો કાર્યભાર.
- પિયુષ ગોયલને મળ્યો નાણાં મંત્રીનો વધારાનો હવાલો.

crackgpsc.com

- ભારતી એરટેલે ટેલિનોર ઈન્ડિયાનું પૂર્ણ અધિગ્રહણ કર્યું.
- લતા મંગેશકર સ્વર મૌલિ પુરસ્કારથી સન્માનિત.
- કર્ણાટકમાં ભાજપની 104, કોંગ્રેસની 78, JDSની 37 સીટો પર જીત.
- વડાપ્રધાન મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન વચ્ચે સોચીમાં અનૌપચારિક બેઠક થશે.
- દક્ષિણ કોરિયાના અમેરિકા સાથે થનારા સૈન્ય અભ્યાસના કારણે ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયા સાથેની મીટીંગ રદ કરી.
- સુલભ ઇન્ટરનેશનલના સ્થાપક ડો. બિંદેશ્વર પાઠક એશિયાના વિકાસમાં યોગદાન બદલ જાપાનમાં નિક્કેઇ પુરસ્કારથી સન્માનિત.
- પર્યાવરણ મંત્રાલયે GSDP (ગ્રીન સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ) લોન્ચ કર્યો. ઉદ્દેશ્ય - 2021 સુધી 30 પાઠ્યક્રમોના માધ્યમથી પર્યાવરણ અને વનક્ષેત્રોમાં 5.5 લાખથી વધુ કર્મચારીઓને પ્રશિક્ષિત કરવા.
- શશાંક મનોહર ફરી ICC ના અધ્યક્ષ બન્યા.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મુંબઈમાં ચોથી વૈશ્વિક પ્રદર્શનીનું ઉદઘાટન કર્યું.
- ધોની ઓનલાઈન ફાર્મસી નેટમેડ્સનો બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ચીન અને અમેરિકા બાદ ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સૌર બજાર: મર્કોમ કોમ્યુનિકેશન ઈન્ડિયા.
- સ્વચ્છતા સર્વેક્ષણ: સતત બીજા વર્ષે ઈન્દોર સૌથી સ્વચ્છ શહેર, ઝારખંડ સૌથી સારો દેખાવ કરનાર રાજ્ય. સૌથી સ્વચ્છ પાટનગર - ગ્રેટર મુંબઈ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં શ્રેષ્ઠ પાટનગર - ગ્રેટર હૈદરાબાદ.
- 17 મે: વર્લ્ડ હાઈપર ટેન્શન ડે. આ વર્ષનો વિષય 'નો યોર નંબર્સ' છે. આ દિવસ ઇ.સ. 2005થી ઉજવવામાં આવે છે.
- સંપૂર્ણ રીતે મહિલા દ્વારા સંચાલિત POPSK પંજાબના ફગવાડામાં શરૂ.
- ગુજરાતના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીને મધ્યપ્રદેશનો વધારાનો હવાલો.
- અંબિકા શર્મા USIBC (યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ)ના ભારતીય કાર્યાલયના પ્રમુખ બન્યા.
- વિટોરિયા કોલાઓ બાદ નિક રીડ બનશે વોડાફોન ગ્રુપના CEO.
- પ્રસિદ્ધ બ્રિટિશ પત્રકાર, BBC India ના પૂર્વ સંવાદદાતા વિલિયમ માર્ક ટુલીની 2018ના રેડઈન્ક પુરસ્કાર માટે પસંદગી.
- કાનૂની ક્ષેત્રે સહયોગ માટે ભારત અને મોરોક્કો વચ્ચે સમજૂતી.
- સંયુક્ત રાષ્ટ્રના અનુમાન મુજબ ઈ.સ. 2028 સુધી દિલ્હી વિશ્વનું સૌથી વધુ વસ્તીવાળું શહેર બનશે.

- ભારતની અન્ડર-16 ફૂટબોલ ટીમે સર્બિયામાં 4 દેશોની ટૂર્નામેન્ટ જીતી.
- યુધિવીર મલિકને NHAI અધ્યક્ષનો વધારાનો કાર્યભાર.
- ચીને પોતાના પ્રથમ ખાનગી રીતે વિકસિત 'ચૂંગચીંગ લિઅંગિયાંગ સ્ટાર' રોકેટનું પરીક્ષણ કર્યું.
- એડનની ખાડી પર ઉદભવ્યું સાગર સાયક્લોન.
- ઉત્તરાખંડ કેબિનેટે તેહરી રિઝર્વોયર પર મરીના નામની બોટ પર બેઠક યોજી.
- ભારતમાં પ્રતિ 1 લાખે 211 ટી.બી.ના મામલા: WHO. ભારતે 2025 સુધી (WHOના વૈશ્વિક લક્ષ્ય 2030ની 5 વર્ષ પહેલાં) ટી.બી.ને ખતમ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.
- રામલિંગમ સુધાકર મણિપુર હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા.
- BAC (બેડમિન્ટન એસોશિયેન ઓફ ઈન્ડિયા)ના અધ્યક્ષ હિમાંતા બિસ્વા શર્મા BAC (બેડમિન્ટન એશિયા કન્ફેડરેશન)ના ઉપાધ્યક્ષ નિયુક્ત.
- ઇ-સિમ માટે સરકારે મંજૂરી આપી. પ્રતિ યુઝર્સ કનેક્શનની સંખ્યા વધારીને 18 કરાઇ.
- નેધરલેન્ડના વડાપ્રધાન માર્ક રુટ આવશે ભારતની મુલાકાતે.
- અમેરિકામાં રહેતી કથક નર્તકી અનંદિતા અનામે શ્રી જયદેવ રાષ્ટ્રીય યુવા પ્રતિભા પુરસ્કાર-2018થી સન્માનિત.
- ભારતના પૂર્વ બેટ્સમેન લાલચંદ રાજપૂત ઝિમ્બાબ્વેના મુખ્ય કોચ.
- અનુભવી જાસુસ ગીના હૈસ્પેલ CIA, અમેરિકાની પ્રથમ મહિલા ડિરેક્ટર બની.
- ગુવાહાટી રેલવે સ્ટેશન ભારતનું પ્રથમ સૌર ઊર્જા દ્વારા સંચાલિત રેલવે સ્ટેશન બન્યું.
- પ્રસિદ્ધ કલાકાર અને મૂર્તિકાર ઉત્તમ પચર્ને લલિત કલા અકાદમીના નિયમિત અધ્યક્ષ નિયુક્ત.
- હિંમતનગરના 31 વર્ષીય મેહુલ જોશી માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ગુજરાતી બન્યા.
- ગુંડગાવનાં અજીત અને દિયા બજાજ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પહેલાં ભારતીય પિતા-પુત્રી બન્યાં.
- વડાપ્રધાન મોદીએ જમ્મુ-કાશ્મીરમાં 330 મેગાવોટની કિશનગંગા જલવિદ્યુત પરિયોજનાનું ઉદઘાટન કર્યું. આ પરિયોજના જમ્મુ-કાશ્મીરને 13% મફત વીજળી આપશે.
- અનિલ કુમાર કોલ ઇન્ડિયા લિમિટેડના CMD નિયુક્ત.
- કર્ણાટકના CM પદેથી બી. એસ. યેદુરપ્પાનું રાજીનામું.
- જાપાનની પારિવારિક વાર્તા 'શોપલિફ્ટર્સ'ને કાન ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ ફિલ્મ માટે 'પામ ડી ઓર' પુરસ્કાર.
- રશિયાએ વિશ્વના પ્રથમ તરતું પરમાણુ ઊર્જા સંયંત્રનું અનાવરણ કર્યું. આમાં 35 મેગાવોટનાં 2 પરમાણું રિએક્ટર છે જે 2 લાખ વસ્તીવાળા શહેર માટે પર્યાપ્ત વીજળીનું ઉત્પાદન કરી શકે છે.
- WTA (Women Tennis Association) રેંકિંગમાં રોમેનિયન ટેનિસ સ્ટાર સિમોના હાલેપ પ્રથમ સ્થાને.

crackgpsc.com

- રાજિંદરસિંહ હોકી ઈન્ડિયાના નવા અધ્યક્ષ બન્યા.
- કસ્ટમ બ્રોકર લાયસન્સ માટે આધાર, પેન ફરજીયાત.
- આંધ્રપ્રદેશના આઇટી, પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રી નારા લોકેશને ડિજિટલ લીડર ઓફ ધ યર પુરસ્કાર.
- અમિત ખરે સૂચના અને પ્રસારણ મંત્રાલયના નવા સચિવ નિયુક્ત.
- 21 મે : આતંકવાદ વિરોધી દિવસ. આ જ દિવસે 1991ના રોજ વડાપ્રધાન રાજીવ ગાંધીની તમિલનાડુના શ્રીપેરુંબુદુરમાં લીટ્ટેના એક માનવ બોમ્બ દ્વારા હત્યા કરવામાં આવી હતી.
- 130 વર્ષ જૂની ડભોઇની એક માત્ર નેરોગેજ ટ્રેન બંધ થશે. તેનું બ્રોડગેજમાં રૂપાંતર થશે. ઈ.સ. 1873માં મહારાજા સયાજીરાવે આ ટ્રેન શરૂ કરાવી હતી.
- કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ડો. હર્ષવર્ધન દ્વારા શરૂ કરાયેલ સામાજિક આંદોલન 'ગ્રીન ગુડ્સ ડિડ્સ'ને મળી વૈશ્વિક માન્યતા. આનો ઉદ્દેશ્ય પર્યાવરણની રક્ષા અને દેશમાં સારી જિંદગી જીવવાનો છે.
- નાવિકા સાગર પરિક્રમા : 6 મહિલાઓ 40000 KM સમુદ્રી સફર ખેડી પરત ગોવા પહોંચી. INS તારિણી નામની હોડીમાં વર્તિકા જોશીના નેતૃત્વમાં સફર કરી હતી.
- પોવેલ પાવલિકોસ્કીએ કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં 'કોલ્ડ વોર' ફિલ્મ માટે શ્રેષ્ઠ ડિરેકટરનો એવોર્ડ જીત્યો.
- CSTT (Commission for Scientific and Technical Terminology) એ AYUSH ને એક શબ્દ રૂપે અપનાવવાનો નિર્ણય કર્યો. AYUSH = Ayurveda, Yoga & Naturopathy, Unani, Siddha, Homoeopathy.
- 22 મે : 'આંતરરાષ્ટ્રીય જૈવ-વિવિધતા દિવસ'. તેને 'વિશ્વ જૈવ-વિવિધતા સંરક્ષણ દિવસ' પણ કહેવાય છે. વિષય : સેલિબ્રેટીંગ 25 યર્સ ઓફ એક્શન ફોર બાયોડાયવર્સિટી.
- રાફેલ નડાલે રોમ માસ્ટર્સ ચેમ્પિયનશીપ આઠમી વખત જીતી.
- આશા ભોસલેને પશ્ચિમ બંગાળના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર બંગા વિભૂષણથી સન્માનિત કરાશે.
- નિપાહ વાયરસથી કેરળમાં 11 વ્યક્તિનાં મોત. આ વાયરસ હેનિપેવાયરસ નામના એક નવા જીનથી સંબંધિત છે.
- લિયોનેલ મેસ્સી 5મી વખત યુરોપીયન ગોલ્ડન શૂ પુરસ્કાર જીતનાર પ્રથમ અને એકમાત્ર ખેલાડી બન્યો.
- તમિલનાડુના તુતિકોરીનમાં પ્રદૂષણના કારણોસર વેદાન્તા જૂથના સ્ટરલાઇટ કોપર પ્લાન્ટનો વિરોધ કરનાર પર પોલીસ ગોળીબારમાં 11નાં મોત. તમિલનાડુના મુખ્યમંત્રી કે. પલાનીસામી અને રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત છે.

- ભારતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.
- CSC (Common Service Centres) 2018ના અંત સુધીમાં 2.5 લાખ ગ્રામ પંચાયતો સુધી પહોંચશે. CSC ગામડાઓમાં બેન્કિંગ, વીમા, પાસપોર્ટ સર્વિસ જેવી સેવાઓ આપે છે.
- વિશ્વના ધનવાન દેશોની સુચિમાં ભારત છઠ્ઠા ક્રમે. અમેરિકા પ્રથમ ક્રમે.
- એનર્જી રેગ્યુલેશન માટે IIT કાનપુરે દેશનું પ્રથમ એડવાઇઝરી સેન્ટર સ્થાપિત કર્યું. હેતુ: એનર્જી અને પાવર સેક્ટરમાં પોલીસી અને રેગ્યુલેટરી લિમીટેશન્સને મજબૂત કરવી.
- બિરજૂ સલ્લા 'નો ફ્લાય લિસ્ટ'માં રાખવામાં આવનાર પ્રથમ વ્યક્તિ બન્યો. તેણે 2017માં જેટ એરવેઝના હાઈજેક હોવાની અફવા ફેલાવી હતી.
- ભારતના પૂર્વ નિશાનેબાજ અને રાષ્ટ્રીય કોચ પવનસિંહ RTS (Result Timing Score) જ્યુરીના અધ્યક્ષ બનનાર પ્રથમ ભારતીય બન્યા.
- ચંદ્રની ડાર્ક સાઈડને જાણવા માટે ચીને 'ક્યુકિઓઓ' નામનો એક રિલે ઉપગ્રહ લોન્ચ કર્યો.
- દક્ષિણ કોરિયાએ જીતી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી-2018.
- ત્રીજું મિશન ઇનોવેશન મિનીસ્ટ્રીયલ માલમો, સ્વીડનમાં યોજાશે.
- ચોથું સ્માર્ટ સિટી ઇન્ડિયા એક્સ્પો-2018 નવી દિલ્હીમાં શરૂ.
- નિકોલસ મદુરો ફરી બન્યા વેનેઝુએલાના રાષ્ટ્રપતિ.
- કેનિલ શાહ ચેસમાં ઇન્ટરનેશનલ માસ્ટર બનવાની સિદ્ધિ મેળવનાર ગુજરાતનો ચોથો ખેલાડી બન્યો. પ્રથમ તેજસ બાકરે.




- વાયુસેના અધ્યક્ષ બી. એમ. ધનોઆ સેનાનો સહયોગ વધારવાના ઉદ્દેશ્યથી ઈઝરાયેલની યાત્રાએ.
- પ્રવીણ અગ્રવાલ બન્યા BHELના ડિરેક્ટર.

- પોલેન્ડના લેખક ઓલ્ગા ટોકર્ક્જુકે આધુનિક યાત્રા પર દાર્શનિક કથા 'ફ્લાઇટ્સ'ની અનુવાદિત કથાઓ માટે મેન બુકર ઇન્ટરનેશનલ એવોર્ડ જીત્યો.
- એલીના સ્વિટોલિનાએ ઇટાલિયન ઓપન 2018 જીતી.
- 71મી વિશ્વ સ્વાસ્થ્ય સભાનું જિનીવામાં આયોજન થયું.
- દક્ષિણ આફ્રિકાના પૂર્વ ટેસ્ટ કેપ્ટન એબી ડી'વિલીયર્સની સન્યાસની ઘોષણા. તેમના નામે ODIમાં સૌથી ઝડપી 50, 100, 150 રન બનાવવાનો વિક્રમ છે.
- ઇન્ડોનેશિયાના સક્રિય જ્વાળામુખી 'માઉન્ટ મેરાપી'એ નાના વિસ્ફોટોથી ખતરાનો સંકેત આપ્યો.
- એચ. ડી. કુમારસ્વામી બન્યા કર્ણાટકના 24મા CM. જી. પરમેશ્વર નવા Dy. CM.
- મુદ્રા યોજના અંતર્ગત લોન વધારવા નાણા મંત્રાલયે અમૂલ, ફ્લિપકાર્ટ સહિત 40 એકમો સાથે સમજૂતી કરી.
- ભારત બન્યું અમેરિકાનું એક પ્રમુખ રક્ષા ભાગીદાર.
- 2022 સુધી 9%નો વૃદ્ધિ દર પ્રાપ્ત કરશે ભારત: નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવકુમાર.
- અમેરિકાએ રિમપેક (રિમ ઓફ ધ પેસિફિક) - વિશ્વના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય સમુદ્રી અભ્યાસમાંથી ચીનને હટાવ્યું.
- સ્ટેસી કનિંઘમ NYSE (ન્યુયોર્ક સ્ટોક એક્ષ્ચેન્જ)ની પ્રથમ મહિલા અધ્યક્ષ નિયુક્ત.
- ભારતીય મૂળના શીખ ગોવિંદસિંહ દેવ મલેશિયામાં પ્રથમ શીખ મંત્રી બન્યા. તેમને કોમ્યુનિકેશન એન્ડ મલ્ટી મીડિયાનો પોર્ટફોલિયો આપવામાં આવ્યો.
- પ્રતિસ્પર્ધા બાબતે ભારત 44મા સ્થાને. અમેરિકા પ્રથમ ક્રમે.
- પ્રધાનમંત્રી વય વંદના યોજનાની મુદત 31 માર્ચ 2020 સુધી વધારવામાં આવી.
- પોર્ટુગીઝ ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો વિશ્વનો સૌથી લોકપ્રિય એથ્લીટ. 'ESPN વર્લ્ડ ફેમ 100' યાદીમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે.
- આરોગ્ય સેવા બાબતે ભારત 145મા ક્રમે. 195 દેશોમાં આઈસલેન્ડ અને નોર્વે મોખરે.
- નીતિ આયોગ અને એબીબી ઇન્ડિયાએ રોબોટીક્સ અને આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સનો લાભ ઉઠાવવામાં મદદ માટે સમજૂતી કરી.
- પેટીએમે ગ્રામીણ મહિલાઓને નાણાકીય સેવાઓ માટે શિક્ષિત કરવા આશાકિરણ નામનો કાર્યક્રમ શરૂ કર્યો.
- આશિયાન ઇન્ડિયા ફિલ્મ ફેસ્ટીવલનો નવી દિલ્હીમાં આરંભ. વિષય: ફ્રેન્ડશીપ થ્રુ ફિલ્મ્સ.
- ઉત્તર કોરિયાએ પુગ્યે-રી પરમાણુ પરીક્ષણ સ્થાનને નષ્ટ કર્યું.
- ભારત, નેપાળ ઉત્તરાખંડમાં 'સૂર્ય કિરણ' નામનો સૈન્ય અભ્યાસ કરશે.
- 15મા નાણા પંચે એઈમ્સના ડિરેક્ટર રણદીપ ગુલરીયાના નેતૃત્વમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે એક પેનલની રચના કરી.

crackgpsc.com

- RAS ફ્રોડ રિપોર્ટ મુજબ ફિશિંગ માટે સર્વાધિક લક્ષિત દેશ: (1) કેનેડા, (2) યુએસ, (3) ભારત, (4) બ્રાઝિલ. ફિશિંગ ભ્રામક ઈ-મેલ, વેબસાઇટ્સનો ઉપયોગ કરીને વ્યક્તિગત માહિતી એકત્ર કરવાના પ્રયાસની એક રીત છે.
- કેરળના કોલામ જિલ્લામાં વિશ્વની સૌથી મોટી પક્ષી મૂર્તિ 'જટાયુ' બનાવાઈ. આ મૂર્તિ 65 ફીટ લાંબી અને સમુદ્રતળથી 1000 ફીટ ઊંચાઈએ જટાયુપારા ખડક પર છે. જ્યાં રાવણે જટાયુની પાંખ કાપતાં તે પડી ગયું હતું.
- MCXએ દેશમાં પ્રથમ ચાંદીનો વિકલ્પ શરૂ કર્યો.
- મણિપુરમાં દેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીને કેન્દ્રએ આપી મંજૂરી.
- નેપાળ ટ્રેકોમાને ખતમ કરનાર દક્ષિણ-પૂર્વ એશિયાનો પ્રથમ દેશ બન્યો.
- પૂર્વ ન્યાયાધીશ ચંદ્રમૌલી કુમાર પ્રસાદ PCI (પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા)ના અધ્યક્ષ બન્યા.
- આઇસીઆઇસીઆઇના પૂર્વ એક્ઝિક્યૂટિવ અનુબ્રાતા વિશ્વાસ બન્યા એરટેલ પેમેન્ટ બેંકના MD અને CEO.
- INS તારિણી ટીમને નારી શક્તિ પુરસ્કાર-2017 આપવામાં આવ્યો.
- પ્રોફેસર ગણેશીલાલ ઓડીસાના, કુમાનમાન રાજશેખરન મિઝોરમના રાજ્યપાલ નિયુક્ત.
- TCS 7 લાખ કરોડ રૂપિયાની M-Cap પ્રાપ્ત કરનાર પ્રથમ કંપની બની.
- ઘઉં પરની કસ્ટમ ડ્યુટી 20%થી વધારી 30% કરાઈ. અખરોટ પરની ઈમ્પોર્ટ ડ્યુટી 30%થી વધારી 100% કરવામાં આવી.
- 5 જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસના સંમેલનની મેજબાની કરશે ભારત.
- ભારતના સૌથી પ્રતિષ્ઠિત જનરલ લેફ્ટનન્ટ જનરલ જોરાવર ચંદ બક્ષીનું નિધન, તેમને જોરુ બક્ષી પણ કહે છે.
- પ્રસિદ્ધ આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીને આર્કિટેક્ચર ક્ષેત્રનું સર્વોચ્ચ પિત્ઝકર પ્રાઈઝ એનાયત.
- CBDTના ચેરમેન સુશીલ ચંદ્રાનો કાર્યકાળ 1 વર્ષ વધારવામાં આવ્યો.
- ટેહરી, ઉત્તરાખંડમાં રાષ્ટ્રીય સંસ્કૃત મહોત્સવ ઉજવાયો.
- સાદ હરિરી લેબનાનના વડાપ્રધાન બન્યા.
- જાપાનની મહિલા ટીમે ઉબેર કપ જીત્યો.
- બાંગ્લાદેશનાં PM શેખ હસીના અને PM મોદીએ પશ્ચિમ બંગાળના શાંતિનિકેતનમાં બાંગ્લાદેશ ભવનનું ઉદ્દઘાટન કર્યું.
- મહિલાઓની સુરક્ષા વધારવા મુંબઈ પોલીસ U.A.X.નો ઉપયોગ કરવાની અને 'પેનિક બટન' સ્થાપિત કરવાની યોજના બનાવી રહી છે.
- હોટેલ બુકિંગ માટે IRCTC અને ઇક્સિગો વચ્ચે કરાર.

- રશિયાએ વિશ્વની સૌથી લાંબી સરફેસ ટુ એર મિસાઈલ S 500નું પરીક્ષણ કર્યું. તેણે 299 માઈલ અંતરનો લક્ષ્યાંક સિદ્ધ કર્યો. તે પૃથ્વીની સપાટીથી અંતરીક્ષમાં 62 માઈલ સુધી કોઈ પણ વસ્તુનો નાશ કરવા સક્ષમ છે.
- વડાપ્રધાન મોદીએ ભારતના પ્રથમ 14 લેન હાઇવે દિલ્હી મેરઠ એકસપ્રેસના પહેલા ચરણનું ઉદ્દઘાટન કર્યું.
- દિલ્લી મેરઠ એકસપ્રેસ વે:
  - ✓ 14 લેનવાળો ભારતનો પ્રથમ હાઈવે.
  - ✓ રસ્તામાં ઠેર-ઠેર વર્ટીકલ ગાર્ડન.
  - ✓ સાઇકલ ટ્રેક અને ફૂટપાથવાળો દેશનો પ્રથમ હાઇવે.
- PM મોદીએ ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ (EPE) વેનો શુભારંભ કર્યો.
  - o ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ (EPE) વે:
    - ✓ દેશનો પ્રથમ સ્માર્ટ અને ગ્રીન હાઇવે.
    - ✓ 135 KM લંબાઈ 11000 કરોડ રૂા. ખર્ચ.
    - ✓ 4 મેગાવોટના 8 સોલર પ્લાન્ટ લાગાવાયા છે.
    - ✓ 500 મીટરના અંતરે વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ જેનાથી વરસાદના પાણીનો સંગ્રહ થશે.
    - ✓ 36 રાષ્ટ્રીય પ્રતીક જોવા મળશે.
    - ✓ ડ્રીપ ઇરીગેશન સિસ્ટમથી 2.5 લાખ વૃક્ષોનું વાવેતર.
    - ✓ શરૂઆત કુડલીથી.
- 5મા ભારત CLMV બિઝનેસ કોન્કલેવનું આયોજન નોમપેન્હ, કંબોડીયામાં થયું.
- ચંદ્ર પર જનાર ચોથા અંતરીક્ષ યાત્રી એલન બીનનું નિધન.
- કોલંબિયા વૈશ્વિક ભાગીદાર તરીકે નાટોમાં સામેલ થનાર પ્રથમ લેટિન અમેરિકન રાષ્ટ્ર બન્યું.
- રિયલ મેડ્રિડે જીતી 2017-18 ચેમ્પિયન્સ લીગ.
- આયર્લેન્ડે જનમત સંગ્રહ બાદ ગર્ભપાત પ્રતિબંધ હટાવ્યો.
- દક્ષિણ ઓમાન અને યમનના સોકોત્રા ટાપુમાં મેકુનુ વાવાઝોડું ત્રાટક્યું.
- તેલંગણા સરકારે પ્રત્યેક ખેડૂતને ૫ લાખના વીમાની ઘોષણા કરી.
- મણિપુર પૂર્વોત્તર ભારતમાં સૌર શોચાલય ધરાવતું પ્રથમ, દેશનું ત્રીજું રાજ્ય બન્યું. અન્ય રાજ્યો તામિલનાડુ આંધ્રપ્રદેશ.
- હમ્બર્ગ, જર્મનીમાં ગ્લોબલ વિન્ડ શિખર સંમેલન 2018નું આયોજન થયું.
- ચેન્નઈ સુપર કિંગ્સે IPL 11નો ખિતાબ જીત્યો.
- IPL 11માં સનરાઇઝ હૈદરાબાદના કેપ્ટન કેન વિલિયમસને ઓરેન્જ કેપ (735 રન) કિંગ્સ ઈલેવનના ફાસ્ટ બોલર એન્ડ્રયુ ટાઈએ પર્પલ કેપ (24 વિકેટ) મેળવી.

crackgpsc.com

- IPL 11માં સુનીલ નારાયણે સુપર સ્ટ્રાઈકર અને વેલ્યુએબલ પ્લેયરના પુરસ્કાર જીત્યા.
- T20માં 5000 રન કરનાર ધોની પ્રથમ કેપ્ટન બન્યો.
- ધોની 150 T20 મેચ જીતનાર વિશ્વનો પ્રથમ કૅપ્ટન બન્યો.
- વિરાટ સૌથી વધુ T20 અડધી સદી (56) ફટકારનાર ભારતીય બેટ્સમેન.
- રોહિત શર્મા T20 ક્રિકેટમાં ક્રિકેટમાં 300 સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો.
- તમિલનાડુ સરકારનો તુતિકોરિનમાં સ્ટરલાઇટ કોપર પ્લાન્ટ કાયમી બંધ કરવાનો આદેશ.
- 29 મેના નેપાળે 11મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી.
- ચૂંટણી સુધી પૂર્વ ચીફ જસ્ટિસ નાસીર ઉલ મુલ્ક પાકિસ્તાનના કાર્યકારી વડાપ્રધાન નિયુક્ત.
- નેધરલેન્ડના વડાપ્રધાન માર્ક રુટે દિલ્હીમાં Clean Air India Initiative નો શુભારંભ કર્યો. આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતીય સ્ટાર્ટ અપ અને ડચ કંપનીઓ વચ્ચે ભાગીદારીને વધારવાનો અને ભારતીય શહેરોમાં વાયુ પ્રદૂષણને રોકવાનો છે.
- નેધરલેન્ડની રાણી મેક્સિમા ભારતની યાત્રાએ આવી.
- સુધા બાલકૃષ્ણન RBIનાં પ્રથમ CFO નિયુક્ત.
- પાકિસ્તાનના સિંધ પ્રાંતની એસેમ્બલીએ હિંદુ વિધવાઓના પુન:વિવાહની અનુમતિ આપતું વિધેયક પસાર કર્યું.
- ટ્રાન્સ્પેરન્સી ઇન્ટરનેશનલના રિપોર્ટ અનુસાર ગ્લોબલ કરપ્શન પરસેપ્શન ઇન્ડેક્ષ 2017માં 180 દેશોના લિસ્ટમાં ભષ્ટાચારની બાબતમાં ભારત 81મા ક્રમે. સોમાલિયા સૌથી ભ્રષ્ટ, ન્યુઝીલેન્ડ સૌથી ઓછો ભ્રષ્ટ દેશ.
- BCCI અને UN એ ભારતમાં ગ્રીન ક્રિકેટને પ્રોત્સાહન આપવા પર્યાવરણ સમજૂતી કરી.
- એલિસિયા પૂચેટા પેરગ્વેનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ બન્યાં.
- 21 જૂનના ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની મેજબાની દહેરાદૂન કરશે.
- રક્ષા સચિવ સંજય મિત્રાને DRDOનો વધારાનો ચાર્જ.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) માટે અક્ષય કુમારે જાહેરાત અભિયાન શરૂ કર્યું.
- 53 વર્ષીય સંગીતા બહલ એવરેસ્ટ ચઢનાર સૌથી મોટી ઉમરનાં ભારતીય મહિલા બન્યાં.
- ચીને SCO શિખર સંમેલનમાં ઈરાનને આમંત્રણ આપ્યું.
- પુરુષોની બેડમિન્ટન - થોમસ કપનું ટાઈટલ ચીને જીત્યું.
- NIC (National Informatics Centre)એ ભુવનેશ્વરમાં ચોથું ડેટા સેન્ટર લોન્ચ કર્યું.
- દિલ્હી ડેર ડેવિલ્સના ઋષભ પંતની IPL 11ના ઈમર્જિંગ પ્લેયર તરીકે પસંદગી.
- યુવરાજસિંહને સામાજિક કલ્યાણ માટે આઈકોન ઓફ ધ યર પુરસ્કાર. યુવરાજ `YouWeCan` સંસ્થા દ્વારા કેન્સર માટે જાગૃતિ ફેલાવે છે.

crackgpsc.com

- 30 મે: ગોવા દિવસ. ગોવા 30 મે, 1987 ના રોજ ભારતીય સંઘનું 25મું રાજ્ય બન્યું હતું.
- અમિતાભ બચ્ચન મિશન પોષણ - ભવિષ્ય રોશનના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા.
- કેન્દ્રીય વીજ પ્રધાન આર. કે. સિંહે જનરેટર્સને પાવર પેમેન્ટમાં પારદર્શિક્તા લાવવા `પ્રાપ્તિ` એપ લોન્ચ કરી.
- ભારત-નેપાળ વચ્ચે સંયુકત સૈન્ય અભ્યાસ સૂર્યકિરણ શરૂ.
- ડિસ્કસ થ્રોઅર વિકાસ ગૌડા થયા સેવાવિવૃત.
- રક્ષામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં DAC (Defence Acquisition Council) એ 6900 કરોડ રૂ.થી વધુનાં ઉપકરણો ખરીદવાની મંજૂરી આપી.
- સીએટ ક્રિકેટ રેટિંગ પુરસ્કાર:
  - ✓ વિરાટ કોહલીને ઇન્ટરનેશનલ ક્રિકેટ ઓફ ધ યર,
  - ✓ શિખર ધવનને ઇન્ટરનેશનલ બેટસમેન ઓફ ધ યર,
  - ✓ ન્યૂઝીલેન્ડના ટ્રેન્ટ બિલ્ટને ઇન્ટરનેશનલ બોલર ઓફ ધ યર એવોર્ડ.
- અફઘાનિસ્તાનના લેગ સ્પીનર રશીદ ખાનને T20 બોલર ઓફ ધ યર એવોર્ડ.
- 31 મે: વર્લ્ડ નો ટોબેકો ડે. વિષય: ટોબેકો એન્ડ હાર્ટ ડિસીઝ.
- ભારતીય વનસ્પતિશાસ્ત્રી કમલજીત બાવાને લિનાન સોસાયટી ઓફ લંડન દ્વારા બોટનીમાં લિનાન મેડલ એનાયત. તેઓ આ પુરસ્કાર જીતનાર પ્રથમ ભારતીય બન્યા.
- ભારત, યુ.કે. વચ્ચે ગૃહ મંત્રાલયોની ત્રીજી મંત્રણાનું નવી દિલ્લીમાં આયોજન થયું.
- પતંજલિ અને BSNL એ મળીને સ્વદેશી સ્મૃતિ સિમ કાર્ડ લોન્ચ કર્યું.
- રશિયામાં ભારતના દૂત પંકજ ચરણ ડેપ્યુટી નેશનલ સિક્યુરીટી એડ્વાઇઝર નિયુક્ત.
- બાળ અધિકાર કાર્યકર્તા, નોબલ પુરસ્કાર વિજેતા કૈલાસ સત્યાર્થી અને ISRO ના અધ્યક્ષ એ. એસ. કિરણકુમારને `સંતોકબા માનવતાવાદી પુરસ્કાર. આ પુરસ્કાર શ્રી રામકૃષ્ણ જ્ઞાન ફાઉન્ડેશન (SRKKF) દ્વારા અપાય છે.

crackgpsc.com

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com